ક્રમાંક:પ્રાવિ.૨/મકમ/વિ.સા.ચું.૨૦૧૭/ ૬૯૦૮૨૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા.૦૮/૧૨/૨૦૧૭
૬૬/૬૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

વિષય: વિધાનસભા સામાન્ય ચુંટણી – ૨૦૧૭
સંદર્ભ: સા.વહીવટ વિભાગ, ગાંધીનગરનું જાહેરનામું ક્રમાંક:ગસ/૩૨/૧૦૨૦૧૭ /જસર/૧૦/૨૦૧૭/૫૯૬/૫ તા.૧૭/૧૧/૨૦૧૭

ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭ અંતર્ગત નીચેની વિગતે સુચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે. જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) સંદર્ભ-૧ અન્વયે મતદાનના દિવસે તા.૧૪/૧૨/૨૦૧૭ના અત્રેની કચેરી હસ્તકની તમામ શાળાઓમાં જાહેર રજા રહેશે.

(૨) જે શાળાઓનો તમામ ૧૦૦% સ્ટાફ ચુંટણી ફરજ પર રોકાયેલ હોય તે શાળાઓએ તા.૧૨/૧૨/૨૦૧૭ અને તા.૧૩/૧૨/૨૦૧૭ના દિવસ પુરતી રજા રાખવાની રહેશે અને ૫૦% કરતા વધુ સ્ટાફ રોકાયેલ હોય તે શાળાઓએ સમય સવારે ૭-૩૦ થી ૧૧-૩૦ કલાક સુધીનો રાખવાનો રહેશે. અન્ય બાકીની શાળાઓનો સમય રાબેતા મુજબનો રાખવાનો રહેશે.

(૩) તા.૧૩/૧૨/૨૦૧૭ના મતદાન મથક ધરાવતી શાળાઓના આચાર્યશ્રી અન્ય જગ્યાએ ચુંટણી ફરજમાં રોકાયેલ હોય તો તે દિવસે પોતાની શાળાની ચુંટણી સંદર્ભે તમામ વ્યવસ્થા જેવી કે રૂમોનો ખાલી કબજો, જરૂરી ફર્નિચરની વ્યવસ્થા, વિજળી, પાણી,સેનિટેશન વગેરે વ્યવસ્થા સાથે શાળાની ચાવી જવાબદાર વ્યક્તિ જેવા કે ચુંટણી ફરજ વિનાના શિક્ષક/એસ.એમ.સી. સભ્યને સોંપી ચુંટણીનું સુચારૂ આયોજન કરવાનું રહેશે.સંબંધિત જવાબદાર વ્યક્તિએ મતદાન મથકે ચુંટણી સ્ટાફ હાજર થાય ત્યારે શાળામાં હાજર રહે શાળાનો કબજો સોંપવાનો રહેશે. આમ ઉપરોકત બાબતની યોગ્ય કાળજી લેવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા-પાલનપુર